અપીલ અરજી નં.૪૦૧ તા.૧૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૨–૧૧ની અરજીથી આઈ.ડી નં.૧૦૧૧ તા.૩–૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતીમાં ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ કે રેકર્ડની ચકાસણી કરતાં માલુમ પડેલ કે સેન્ટ્રલ ઝોનમાં ચાલતા ચાંદી ગીલીટના તેમજ જરી ગીલીટના જે બાંકડા ચાલે છે. તે માહિતી ઉપલબ્ધ નથી તો સેન્ટ્રલ ઝોનમાં ચાલતા તમામ ચાંદી ગીલીટ તેમજ જરી ગીલીટના બાકડા ગેરકાયદેસર ચાલે છે તો તમે સેન્ટ્રલ ઝોનના ઝોનલ થઈને તમારી જવાબદારીનો સ્વીકાર કરો છો તમારો અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૧/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૨–૧૧ની અરજીથી આઈ.ડી નં.૧૦૧૧ તા.૩–૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતીમાં ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ કે રેકર્ડની ચકાસણી કરતાં માલમ પડેલ કે સેન્ટ્રલ ઝોનમાં ચાલતા ચાંદી ગીલીટના તેમજ જરી ગીલીટના જે બાંકડા ચાલે છે. તે માહિતી ઉપલબ્ધ નથી તો સેન્ટ્રલ ઝોનમાં ચાલતા તમામ ચાંદી ગીલીટ તેમજ જરી ગીલીટના બાકડા ગેરકાયદેસર ચાલે છે તો તમે સેન્ટ્રલ ઝોનના ઝોનલ થઈને તમારી જવાબદારીનો સ્વીકાર કરો છો તમારો અભિપ્રાય આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ /૧૭૬૫ તા.૭–૩–૧૧ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૬ તા.૧૯–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જણાવેલ બાબતે હકીકતલક્ષી માહિતી જોઈએ છે કે જાહેર માહિતી અધિકારીનો અભિપ્રાય તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧ તા.૨–૪–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા અરજદારને આપેલ માહિતી પત્ર તા.૭–૩–૧૧ ની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૮–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં તેમને અભિપ્રાય જોઈએ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીની નકલ ઝેરોક્ષ કરાવેલ ન હોઈ રજૂ કરાવી શકુ તેમ નથી તેમ જણાવેલ છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૧૭૬૫ તા.૭–૩–૧૧ થી " આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અંગે માહિતી આપવાની હોય છે તેમાં " અભિપ્રાય " આપવાનો સમાવેશ થતો નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૩–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી (૧) જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે અને માહિતી છુપાવવામાં આવેલ છે. (૨) એકટની જોગવાઈઓના ભંગ સબબ કાનૂની હુકમ કરશો અને નિયમોનુસાર માહિતી આપશો. (૩) માહિતી અધિકાર–૨૦૦૫ના એકટ નં.૨૨ મંજુરીની તા.૧૫–૬–૨૦૦૫ ના પ્રકરણ–૧ પ્રાથમિક કલમ–૨ વ્યાખ્યાઓની (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં માહિતી અધિકારીએ અભિપ્રાય આપવામાં આવેલ નથી. તેમજ પૂરક વિગતોમાં માહિતી જોઈએ છે કે અભિપ્રાય બાબતે અરજદારે અભિપ્રાયની રજૂઆત કરેલ છે. પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧ તા.૨–૪–૧૧ થી અરજદારની અરજીના જવાબ સંદર્ભમાં અરજદારને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૭૬૫ તા.૭–૩–૧૧ ની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં ચાલતાં તમામ ચાંદી ગીલીટ તેમજ જરી ગીલીટના બાકડા ગેરકાયદેસર ચાલે છે તો તે સેન્ટ્રલઝોનના ઝોનલ થઈને જવાબદારી સ્વીકાર કરો છો તેનો અભિપ્રાય માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ અંગેની માહિતી આપવાની હોય છે અભિપ્રાય નહીં તેવું જણાવેલ છે.

આમ અરજદારની મુળ તકરાર આરટીઆઈ એકટની કલમ–૨(એફ) હેઠળ અભિપ્રાયો આપવા બાબતેની છે. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં તેમના તા.૧૭–૩–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીના અભિપ્રાય માટે આગ્રહ રાખેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અભિપ્રાયો આપવાના રહેતા નથી તેવું જણાવેલ છે. જયારે અરજદાર તરફથી કાયદાની કલમ ટાકીને સદરહુ માહિતી ખોટી આપ્યાનો દાવો કરેલ છે. વધુમાં અત્રે માહિતીનું સ્વરૂપ અભિપ્રાયરૂપે રહેલું હોય અને જો તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને જાહેર માહિતી અધિકારીના તાબા હેઠળ હોય ત્યારે તે પૂરી પાડવાની રહે છે નહીં કે કાયદાકીય અભિપ્રાયો સર્જન કરીને આપવાનું. આથી અરજદારની કાયદાકીય અભિપ્રાય મેળવવાનો આગ્રહ આરટીઆઈના કાયદા અને જોગવાઈઓ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ચાંદી–ગીલીટ જરીના બાકડા અંગેના દફતરી રેકર્ડ વિશેષતઃ તે અંગેના નોંધ વિભાગમાં અરજદારે માંગેલ માહિતી મુજબ તેની કાયદેસરતા કે ગેરકાયદેસરતા અંગે અભિપ્રાય સ્વરૂપે કોઈ વિગતો દફતરી ફાઈલે હોય તો તેની હકીકતલક્ષી માહિતી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,